## જન્મદિને વધામણી


જયાબેન બાબુલાલ નાયક
ફોન : ૨૩૨૭૦૪૧૭


ભાવનાબેન ચંદ્રેશભાઈ પટેલ
મો. ૯૪૨૬૪ ૧૧૧૪૫


કુ. રાજસી રાજન શાહ


શીતલબેન પ્રકાશભાઈ ઠાકર
મો. ૯૮૨૫૬ ૨૮૯૧૯


રાહી કેયુર દેસાઈ


રિવશા પી શાહ
મો. ૯૫૫૮૭ ૬૫૨૫૨

# સૅક્ટર-૨૨ જૈન ઉપાશ્રય ખાતે આજથી આઠ દિવસીય જીવનનિર્માણ પ્રવચનમાળા

ગાંધીનગર, તા. ૧૯

શહેરના સૅક્ટર-૨૨ ખાતે સ્થિત જૈન ઉપાશ્રય ખાતે આવતીકાલથી આઠ દિવસીય પ્રવચનમાળાનું આયોજન કરવામાં આવ્યું છે.

આયોજક શ્રી ગાંધીનગર શ્વેતાંબર મૂર્તિ પૂજક જૈન સંઘ દ્વારા આ અંગેની વિગતો આપતાં જણાવવામાં આવ્યું છે કે પુષ્પ તો જંગલમાંય ઉગે છે અને ઉદ્યાનમાં પણ ઉગે છે. પણ જંગલનું પુષ્પ કોઈના કાર્યમાં આવ્યા વિના કરમાઈ જાય છે, ઉદ્યાનનું પુષ્પ માળીની માવજતથી તૈયાર થાય છે અને ઘર-ઑફિસ-વ્યક્તિની શોભાનું પણ કારણ બને છે.

જીવનપુષ્પની પણ સદગુરુ રૂપી યોગ્ય માળી દ્વારા માવજત કરવામાં આવે તો તે પણ નીખરી ઊઠે છે અને એ દ્વારા દેશ, રાષ્ટ્ર, સમાજનું હિત સધાય છે, એક સ્વસ્થ સમાજનું નિર્માણ થાય છે.

આવા જીવનરૂપી પુષ્પની માવજત માટે આઠ દિવસ દરમ્યાન અલગ અલગ વિષયોને આવરી લેતી પ્રવચનમાળાનું આયોજન કરવામાં આવ્યું છે, જેનો લાભ લેવા માટે સૌ નગરજનોને સંઘ દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

સૅક્ટર-૨૨ જૈન ઉપાશ્રય ખાતે સવારે ૯થી ૧૦.૧૫ દરમ્યાન આ પ્રવચનો યોજવામાં આવશે. પ્રવચનમાળા અંતર્ગત તા. ૨૦ માર્ચના રોજ મારું જીવન સુગંધી બને, ૨૧ માર્ચના રોજ, પાલીતાણા છ ગાઉ ફેરીની ખોજમાં, ૨૨ માર્ચના રોજ તું મને ભગવાન જ વરદાન આપી દે, ૨૩ માર્ચના રોજ જિંદગી રંગરંગીલી (સૅક્ટર-૨૪ના ઉપાશ્રયે), ૨૪ માર્ચના રોજ ચાલો ધુળેટી સમજીએ, ૨૫ માર્ચના રોજ પુષ્પોનો માનવજીવનને સંદેશ, ૨૬ માર્ચના રોજ તમને કેવી સંપત્તિ ગમશે અને તા. ૨૭ માર્ચના રોજ સુખી જીવનની એબીસીડી વિષયે પ્રવચનનું આયોજન કરવામાં આવ્યું છે.

# બીબીએ કોલેજના વિદ્યાર્થીઓએ રાજયકક્ષાની ઈવેન્ટ મેનેજ કરી

ગાંધીનગર, તા.૧૮

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી. કોલેજ ઓફ બીઝનેસ એડમીનીસ્ટ્રેશનના વિદ્યાર્થીઓ દ્વારા તાજેતરમાં સાયન્સ સીટી ખાતે યોજાયેલ બે ઈવેન્ટ અનુક્રમે ગુજકોસ્ટ માઈનર-મેજર રીસર્ચ પ્રપોઝલ રિવ્યુ તેમજ સાયન્સ કાર્નિવલનું મેનેજમેન્ટ કરવા માટેની તક બીબીએના વિદ્યાર્થીઓને મળી હતી. જે તેમણે ખૂબ સફળતાપૂર્વક પાર પાડી હતી. જેના ફળશ્રુતિ રૂપે કોલેજને પણ પ્રશસ્તિપત્ર આપવામાં આવ્યું હતું. જેમાં બંને ઈવેન્ટને સફળતાપૂર્વક આયોજીત કરવામાં મદદરૂપ થવા બદલ આભાર દર્શાવવામાં આવ્યો હતો. તેમજ વિદ્યાર્થીઓને ૪૦,૨૫૦ રૂપિયાનું સ્ટાઈપેડ ચુકવાયું હતું. અને વિદ્યાર્થીને ઈવેન્ટ મેનેજમેન્ટ માટે સર્ટીફીકેટ પણ એનાયત કરવામાં આવ્યા હતા. સમગ્ર ઈવેન્ટ મેનેજમેન્ટમાં ૩૩ વિદ્યાર્થીએ અલગ અલગ દિવસે પોતાની સેવાઓ આપી હતી. દરેક વિદ્યાર્થીઓને રોજના રૂ. ૨૫૦ લેખે સ્ટાઈપેડ ચુકવાયું હતું.



વિદ્યાર્થીઓ સાથે સાયન્સ સિટી તરફથી પુલકીત તેમજ ભૂમિ સાથે વિદ્યાર્થીઓએ સમન્વય સાધી સંપૂર્ણ ઈવેન્ટ સફળતાપૂર્વક પૂર્ણ કરી હતી. ગુજકોસ્ટના એડવાઈઝર તેમજ સાયન્સ સિટીના સિનિયર સાયન્ટિસ્ટ માનનીય ડૉ.નરોત્તમ સાહુ કે જેઓએ બીબીએ કોલેજ તેમજ કોલેજના વિદ્યાર્થીઓને આવી સુવર્ણ તક આપી એટલું જ નહી પરંતુ સમગ્ર કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને તાલીમ આપી અને કાર્યની વહેચણી કરી હતી. વિદ્યાર્થીઓ મેનેજમેન્ટના અભ્યાસક્રમમાં જ ઈવેન્ટને મેનેજ કરવાના ગુણો શીખે છે જેને અમલમાં મુકવા માટેની એક સુવર્ણ તક વિદ્યાર્થીઓને સાંપડી હતી. સમગ્ર સાયન્સ કાર્નિવલ દરમિયાન ૪૫૦ બીબીએના વિદ્યાર્થીઓએ મુલાકાત લીધી જેમાં સાયન્સના અનેક વિચાર સાથે મેનેજમેન્ટને સુસંગત કરવા બાબતે વિદ્યાર્થીઓએ શીખ મેળવી હતી. વિદ્યાર્થીઓ કોલેજમાં પણ અનેક સાંસ્કૃતિક તેમજ શૈક્ષણિક ઈવેન્ટ મેનેજ કરતા હોય છે.જેનો લાભ વિદ્યાર્થીઓને અહી મળ્યો હતો. એ ઉલ્લેખનીય છેકે ગાંધીનગર આઈટી એકસ્પોમાં પણ બીબીએના વિદ્યાર્થીઓને ઈવેન્ટ મેનેજમેન્ટ માટેની તક મળી હતી. અભ્યાસની સાથે સાથે આવી ઈવેન્ટ મેનેજમેન્ટમાં ભાગ લેવાની મંજુરી આપવા પાછળ કોલેજનો ઉદ્દેશ તેઓને અભ્યાસક્રમની સાથે સાથે બાહ્ય દુનિયામાં પોતાના જ્ઞાનના ક્રિયાત્મક પ્રયોગ કરવાનો મોકો મળે. આ સમગ્ર ઈવેન્ટને સરસ રીતે સંચાલન કરવા વિદ્યાર્થીઓ દ્વારા કુલ સાત કમિટી બનાવવામાં આવી હતી. જેમાં સ્ટેજ મેનેજમેન્ટ, પેવેલીયન મેનેજમેન્ટ, ક્રાઉડ મેનેજમેન્ટ, રજીસ્ટ્રેશન, ટ્રાન્સપોર્ટેશન, ટેકનિકલ સપોર્ટ, ફુડ પાસ વિતરણ વગેરે ક્ષેત્રે સંચાલનની વહેંચણી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓ તરફથી વિશ્વાસ નાયક, શ્રીલ પટેલ, ખંજન બ્રહ્મભટ્ટે બાકીના સભ્યો સાથે સંકલન કર્યુ હતું. કોલેજ તરફથી આચાર્ય ડૉ. રમાકાન્ત પુષ્ટીના માર્ગદર્શન હેઠળ ડૉ. જયેશ તન્ના ડૉ. નીરવ જોશી, ધર્મેન્દ્ર રાઠોડ, નિવેદિતા રાવલ દ્વારા સંપૂર્ણ જવાબદારી નિભાવવામાં આવી હતી.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
કપૂર ઍન્ડ સન્સ
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
કપૂર ઍન્ડ સન્સ
૨.૦૦, ૫.૦૦, ૮.૦૦

**સ્ક્રીન-૪**
છોટા ભીમ (હિમાલયન ઍડવેન્ચર)
સવારે ૧૦.૦૦
તેરા સુરૂર
રાત્રે ૧૦.૦૦
નીરજા
૭.૧૫
ડૅર યુ
૧.૧૫
ચોરના ભાઈ ઘંટીચોર (ગુજરાતી)
૪.૧૫

**સ્ક્રીન-૫**
કપૂર ઍન્ડ સન્સ
સવારે ૧૦.૦૦
તેરા સુરૂર
૧.૦૦
જય ગંગાજલ
૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

# અસ્મિતાપર્વ ૧૯થી ૨૨ એપ્રિલ દરમિયાન

ગાંધીનગર, તા. ૧૯

પ્રતિવર્ષની માફક આ વર્ષે પણ મહુવા ખાતે અસ્મિતાપર્વનું આયોજન કરવામાં આવ્યું છે.

આગામી ૧૯થી ૨૨ એપ્રિલ દરમ્યાન આયોજિત આ પર્વમાં સાહિત્યસંગોષ્ઠિ, કાવ્યાયન અને શાસ્ત્રીય સંગીત-નૃત્યનું આયોજન કરવામાં આવ્યું છે.

પૂ. મોરારિબાપુ વતી હરિશ્ચન્દ્ર જોષી અને વિનોદ જોષીએ આ અંગેની વિગતો આપતાં જણાવ્યું છે કે તા. ૧૯ એપ્રિલ ને મંગળવારે સવારે ૯થી ૧૨ દરમ્યાન કવિકર્મપ્રતિષ્ઠા અને કાવ્યપાઠનું આયોજન કરાયું છે, જેમાં કરસનદાસ લુહારની કવિતા વિશે રમેશ મહેતા, મુકુલ ચોક્સીની કવિતા વિશે રઈશ મનીઆર વાત કરશે અને કરસનદાસ લુહાર તથા મુકુલ ચોક્સી કાવ્યપઠન કરશે.

બપોરે ૩.૩૦થી ૬.૩૦ દરમ્યાન બીજા સત્રમાં ‘મારી સર્જનયાત્રા’ વિષયે ગૌરાંગ વ્યાસ, ધીરુભાઈ પટેલ, ધરમશી શાહ વક્તવ્યો આપશે. રાત્રે ૮.૩૦ કલાકે શ્રી ચિત્રકૂટ ધામ, તલગાજરડા ખાતે સંગીત-નૃત્ય મહોત્સવ અંતર્ગત શાસ્ત્રીય વાદ્યસંગીત અને ગઝલગાન યોજાશે. પં. દેબૂ ચૌધરી અને ઉસ્તાદ ગુલામ અલીને પ્રતીક ચૌધરી (સિતાર)ની સંગત આપશે.

તા. ૨૦ એપ્રિલના રોજ સવારે ૭થી ૯.૧૫ દરમ્યાન ભારતીય જ્ઞાનપીઠ ઍવોર્ડ પુરસ્કૃત સર્જક રઘુવીર ચૌધરીનું અભિવાદન યોજાશે, એમની સર્જકછબિ વિનોદ જોશી અભિવ્યક્ત કરશે.

૯.૧૫થી ૧૨.૦૦ દરમ્યાન ‘ભારતીય સાહિત્ય - મારી દૃષ્ટિએ’ વિષય અંતર્ગત વિશ્વનાથ પ્રસાદ તિવારી, કૃથીવેન્તિ શ્રીનિવાસ રાવ અને વર્ષા દાસનાં વક્તવ્યો યોજાશે.

સાંજે ૩.૩૦થી ૬.૩૦ દરમ્યાન વાચિક-આંગિક પ્રસ્તુતિ થશે, જેમાં ચિંતન પંડ્યા અને વૃંદ દ્વારા દરિયાલાલ તથા અર્ચન ત્રિવેદી અને વૃંદ દ્વારા આનંદતરંગ પ્રસ્તુત કરવામાં આવશે.

રાત્રે ૮.૩૦ કલાકે શ્રી ચિત્રકૂટધામ, તલગાજરડા ખાતે શાસ્ત્રીય કંઠ્યસંગીત અને તાલવાદ્ય સંગીત યોજાશે, જેમાં ઉત્તર હિન્દુસ્તાની શાસ્ત્રીય કંઠ્યસંગીત પં. ઉલ્હાસ કશાલકર, વાદ્યસંગીત-તબલાં પં. સુરેશ તલવલકર પ્રસ્તુત કરશે. સત્યજિત તલવલકર અને સાવની તલવલકર એમને તબલાંની સંગત અર્પશે.

તા. ૨૧ એપ્રિલના રોજ સવારના સત્રમાં પ્રતિભાવિશેષ શિર્ષક હેઠળ જલાલુદ્દીન રૂમી વિશે સુભાષ ભટ્ટ, અમીર ખુસરો વિશે મુઝફ્ફર અલી અને માઈકલ જૅક્સન વિશે જય વસાવડા વાત કરશે. સાંજના સત્રમાં કાવ્યાયન છે, જેમાં ચિનુ મોદી, ખલીલ ધનતેજવી, યાવર કાદરી, હર્ષ બ્રહ્મભટ્ટ, શકીલ કાદરી અને મેગી અસનાની ભાગ લેશે. રાત્રે ૮.૩૦ કલાકે રામવાડી, તલગાજરડા ખાતે હેમા માલિની દ્વારા નૃત્યનાટિકા ‘મીરાં’ પ્રસ્તુત કરવામાં આવશે.

તા. ૨૨ એપ્રિલના રોજ સવારે ૯ કલાકે શ્રી ચિત્રકૂટધામ, તલગાજરડા ખાતે શ્રી હનુમાનજયંતિ ઍવોર્ડ સમારોહ યોજવામાં આવશે.

કૈલાસ લલિતકલા ઍવોર્ડ શિલ્પકલાની આજીવન સેવાના ઉપલક્ષ્યમાં નાગજી પટેલને, હનુમંત ઍવોર્ડ પં. ઉલ્હાસ કશાલકર (શાસ્ત્રીય કંઠ્યસંગીત), પં. સુરેશ તલવલકર (શાસ્ત્રીય તાલવાદ્ય સંગીત-તબલાં), હેમા માલિની (શાસ્ત્રીય નૃત્ય - ભરતનાટ્યમ), ઉસ્તાદ ગુલામ અલી (ગઝલગાયકી) અને પં. દેબૂ ચૌધરી (શાસ્ત્રીય વાદ્યસંગીત-સિતાર)ને અર્પણ કરવામાં આવશે.

નટરાજ ઍવોર્ડ પી. ખરસાણી (ગુજરાતી લોકનાટ્ય - ભવાઈ), યઝદી કરંજિયા (ગુજરાતી રંગભૂમિ-નાટક), પંકજ ધીર (ભારતીય ટેલીવિઝન શ્રેણી) અને ધર્મેન્દ્ર (ભારતીય ફિલ્મ)ને અર્પણ કરવામાં આવશે.

સમગ્ર કાર્યક્રમનું જીવંત પ્રસારણ આસ્થા ટીવી ચેનલ અને વેબસાઈટ મોરારિબાપુ ડૉટ ઓઆરજી પરથી કરવામાં આવશે. કાર્યક્રમ મહુવા ખાતે શ્રી માલણ ગુરુકુળ ખાતે યોજવામાં આવશે.

# દલિત સેના દ્વારા સામાજિક એકતા સંમેલન

ગાંધીનગર, તા.૧૯

ભારતીય બંધારણના ઘડવૈયા ડૉ. બાબા સાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિ ભારતભરમાં ‘સામાજીક ન્યાય વર્ષ’ તરીકે ઉજવવામાં આવી રહી છે ત્યારે ગુજરાતના એસ.સી., એસ.ટી., ઓ.બી.સી., લઘુમતી અને આર્થિક રીતે નબળા વર્ગના લોકોના સર્વાંગી વિકાસ થાય તેમજ સરકારી લાભો બંધારણમાં આપેલા અધિકારો, હક્કો છેક છેવાડાના માનવી સુધી પહોંચે તેવા ઉમદા વિચારો સાથે આગામી તા. ૨૧મી માર્ચના રોજ શેઠ મંગળદાસ ટાઉનહોલ, એલીસબ્રીજ, અમદાવાદ ખાતે બપોરે ૧ કલાકે સામાજિક એકતા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. આ સંમેલન કેન્દ્રીય મંત્રી રામવિલાસ પાસવાનના અધ્યક્ષ સ્થાને યોજાશે. જેમાં અબ્દુલ ખાલીદ, પંકજ રામાનુજ, પ્રહલાદ ચૌહાણ, ડાહ્યાભાઈ પરમાર, બાબુભાઈ મેસરવાલાએ હાજર રહી દલિતોના સર્વાંગી વિકાસ માટે તેમજ બંધારણના હક્કો સહિતના વિષય પર પ્રાસંગિક પ્રવચન આપશે.

# નારી અદાલત અંતર્ગત મહિલા સંમેલન યોજાયું

ગાંધીનગર, તા. ૧૯

દેત્રોજ તાલુકાના દેત્રોજ ગામ અને દસક્રોઈ તાલુકાના વહેલાલ ગામ ખાતે આઈ.સી.ડી.એસ વિભાગ દ્વારા નારી અદાલત અંતર્ગત મહિલા સંમેલનનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં મહિલાઓને મહિલાઓના કાનુની હકો, અભયમ હેલ્પ લાઈન, બેટી બચાવો, કુપોષણ, મુખ્યમંત્રી નિદાન યોજના વગેરે વિશે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મહિલા આયોગના અધ્યક્ષ લીલાબેન અંકોલીયા, આઈ.સી.ડી.એસ. વિભાગના ઈનચાર્જ પ્રોગ્રામ ઓફિસર નરેન્દ્રસિંહ રાઠોડ, દેત્રોજ તથા દસક્રોઈના તાલુકા વિકાસ



અધિકારી, મહિલા આયોગ કન્સલ્ટન્ટ, કાયદા અધિકારી સહિત મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થીત રહ્યા હતા. આઈ.સી.ડી.એસ. વિભાગના ઈનચાર્જ પ્રોગ્રામ ઓફિસર નરેન્દ્રસિંહ રાઠોડે જણાવ્યુ હતું કે, ગતિશીલ ગુજરાતના પ્રણેતા અને રાજયના પ્રથમ મહિલ મુખ્યપ્રધાન આનંદીબહેન પટેલે ગુજરાતની મહિલાઓ સામાજીક, આર્થિક અને શૈક્ષણીક રીતે સક્ષમ બની રાજયના વિકાસમાં તેમનું અમૂલ્ય યોગદાન આપી શકે તે માટે અનેક યોજનાઓ અમલી બનાવીને ખરા અર્થમાં મહિલાઓના સર્વાંગી વિકાસ માટેનું ભગીરથ કાર્ય હાથ ધર્યુ છે. રાજ્યની મહિલાઓને સશક્ત બનાવવાની સાથે તેમની ઉપર થતા અત્યાચારોને અટકાવવા માટે તથા મહિલાઓને સમાજના વિકાસ પ્રવાહમાં જોડવા જેવા અનેક ઉદ્દેશ સાથે વર્ષ ૨૦૦૫માં મહિલા આયોગની રચના કરવામાં આવેલી છે. જેના દ્વારા સમગ્ર રાજ્યમાં બહેનો સામે થતા અત્યાચારો, કુરીવાજો, ભેદભાવો દુર કરવાની સાથે માહિલાઓની સમસ્યાઓને સમજીને તેના નિવારણનું કાર્ય પણ કરવામાં આવી રહ્યુ છે. મહિલાઓએ પરીવાર સુખી સમૃદ્ધ બને તે માટે બાળપણથી જ બાળકોને સંસ્કારપુર્ણ જીવન જીવવાના પાઠ ભણાવવા જોઈએ અને મહિલાઓએ જ સ્ત્રી ભૃણ હત્યા થતી અટકાવવી જોઈએ.

# ચકલી આજે દર્શનદુર્લભ બની ગઈ છે

આપણાં ઘરની આસપાસ પંખીઓની અવરજવર પાંખી પડી છે. ફળિયે જુવાર, બાજરીની ચણ નાખનારા દાદા,વૃદ્ધ,વડીલો ગયા એટલે ફળિયાં હવે પંખીઓથી છલકાતા નથી,શહેરોમાં તો ફળિયા હોય તેવું જવલ્લે જ બને પણ ગામડામાં પણ એવા ફળિયાં જ કયાં છે, જેની પડસાળોમાં પાણીની ઠીબો અને ચણના પાત્રો લટકતા હોય, પડસાળો ગઈ અને ઠીબોય ગઈ, ખેતરના કૂવા પણ જૂના થયા ને પડયા કે પૂરાઈ ગયા. કબૂતરો કયાં જઈને વસે ? ત્યારે તો કૂવાની અંદરની બખોલની ઠંડકમાં એ નાજુક નમણાં પારેવા ‘‘ઘૂ ઘૂ ઘૂ ઘૂ’’ કરીને પ્રેમમંત્ર ઘૂટયા કરતાં.

લેલાનાં ટોળા ઘરના વાડાથી લઈને સીમ વગડો માથે લઈને કલકલાટ કરી મૂકતાં, કલબલ કરતાં કાબરબેન ઓછા દેખાય છે, તો તેની પિતરાઈ બહેન એવી સોહામણી બ્રાહ્મણી કાબર તો દેખાય જ કયાંથી? કેટલાક વિસ્તારોમાં કાગડાના દર્શન દુર્લભ છે. સીમમાંથી સાંજે કણજીના વૃક્ષ પર રાતવાસો કરતા મોર હવે કયાં જતા હશે? કણજીઓ તો લાકડાં થઈ ગઈ છે, ખેતર વગડામાં હજી ટીંટોડીઓ ‘‘વકતીતી...વકતીતી...’’ રટતી જીવતરની આશા બંધાવે છે. હોલો ‘‘પરભુંતુંપરભુતું’’ રટતો રહે છે. ઘર પાસેની ટેકરીઓ કે વગડાના તેતરનું ઘર સુધી આવી જવું એ તો હવે સ્વપ્નવત બની ગયું છે, પણ હજુ વગડાના રસ્તે તેતરના બુલંદ સ્વર સંભળાય છે ખરા.સવારે સીમને રસ્તે વનલાવરીના અવાજો આનંદથી તરબોળ કરી દેતા. હંમેશા યુગલમાં રહેતા સારસ હવે સૌરાષ્ટ્રમાં તો ખૂબ ઓછા જોવા મળે, મધ્ય ગુજરાતમાં થોડા દેખાય છે, તેના મધુર રણકદાર અવાજો હવે ઓસરી ગયા છે. કયાં ગયા એ મહાકાવ્ય યુગના ઋષિ મુનિઓને પણ પ્રિય એવાં નિર્દોષ પ્રેમાળ પંખીઓ ! લણણી થયેલા ખેતરોમાં દીવાળીઘોડાઓ પૂંછડી ઉંચી નીચી કરતા કયારેક દેખા દે છે. કાળિયોકોશી પણ ફળિયેથી ખેતર સુધી સુપરવિઝન કરતો હોય એમ આંટાફેરા કરી ઉડયે રાખે છે પૂંછડીની સળી હલાવી હવામાં સેલ્લારા લગાવી કીટક પકડતાં પતરંગા સીમમાં માંડ જોવા મળે. આપણી આસપાસ જોવા મળતું કેવું રૂપાળું પંખી પણ આપણે કયાં કદી તેને જોયું છે? એપાર્ટમેન્ટના પાંચમા મજલાએ ફૂલના કુંડા પર વાર તહેવારે દર્શન દઈ જતા અને ફૂલનો રસ ચૂસનારા શક્કરખોરાનો મનુષ્યે પોતાને ઘેર પધરામણી કર્યા બદલ આભાર માનવો જોઈએ.



ચકલીની વાત કરો તો એક સમયે ઘરઆંગણાનું અતિસામાન્ય પક્ષી ગણાતું ચકલી આજે દર્શનદુર્લભ બની ગયું છે, જે પંખીડા ઘરઆંગણાની શોભા ગણતાં અને જેના ચહમહાટથી પરોઢીયે કલરવ અને સંધ્યાકાળે કેકારવ સાંભળવા મળતો તે હવે મોબાઈલના રીંગટોનમાં સાંભળવા મળે છે. ‘‘ચકીબેન, ચકીબેન મારે ઘેર રમવા આવશો કે નહીં ?’’ના મધુરા બાળગીતો હવે ગમે તેટલાં ગાઈએ તો પણ ચકીબેનને આપણે જ દેશવટો દીધો છે, એટલે તો ‘વિશ્વ ચકલી દિન’ ઉજવવાની જરૂર પડી! સમય વહેતો જાય છે અને સાથે સાથે માણસનો કુદરત સાથેનો સંબંધ પણ બુઠ્ઠો થતો જાય છે, માણસ એ વાત ભૂલી જાય છે કે માણસને પંખીઓની જરૂર છે, પંખીઓને માણસની જરાય જરૂર નથી. ઉલ્ટાનું માનવ તો આ નિર્દોષ સજીવ સૃષ્ટિ માટે નખોદિયો સાબિત થયો છે. આપણી આસપાસની આપણને કનડતી કીટકસૃષ્ટિનો આહાર કરીને આપણને તે ઉગારે છે, માણસને તો વૃક્ષ વાવવાનો ટાઈમ નથી પણ પક્ષી તેની ચરક દ્વારા ઠેરઠેર વૃક્ષારોપણ (અને તે પણ કોઈ જાતની ફોટોગ્રાફી કે પ્રેસનોટ આપ્યા વગર...!!) કરતું રહે છે.

આપણે ઘરની આસપાસ ચકલીના માળા બનાવવાની જગ્યાનો પણ નિકાલ કરી નાખ્યો છે. સિમેન્ટ કૉંક્રીટના શહેરી જંગલમાં ચકલી માટે ખોરાક દુર્લભ છે. જીવદયાને નામે કબૂતરને જુવાર અને ઘઉંની ચણ નખાય છે. જે ચકલી માટે નથી. ચકલીઓ માટે બાજરી જેવા ઝીણાં ધાન્યો નખાતાં નથી, આપણાં સૌ માટે હવે પક્ષીઓ માટે ચણ એટલે કબૂતરને જુવાર અથવા ઘઉંના મૂઠા ભરીને ફેંકવું એવું સમીકરણ ફીટ થઈ ગયું છે. પરંતુ ચકલી માટે ઝીણાં ધાન્યો આંગણામાં અથવા ચબૂતરા કે કોઈ જગ્યાએ આપણે નથી નાખતાં અથવા તો ખૂબ ઓછા નાખીએ છીએ. અધૂરામાં પૂરું પોતાને ‘મોડર્ન’ ગણાવતાં લોકો ચકલીના માળાને ન્યુસન્સ ગણી તેને દૂર કરે છે. (એક સમયે ઘરના દીવાન ખંડમાં છબીઓની પાછળ માળો બનાવતી ચકલીની સુરક્ષા ન જોખમાય તે માટે પંખો ન ચલાવતાં લોકો પણ હતા અને આજે પણ હશે!) ઘરની આસપાસ ઉગી નીકળેલી ઝાડી ઝાંખરાને ‘આ અગોચર ન જોઈએ....’ એમ કહી સળગાવી મૂકે છે, એ બુધ્ધિના બ્રહ્મચારીઓને એ ખબર નથી કે આ ઝાડી ઝાંખરા અનેક સજીવોનું આશ્રયસ્થાન છે, જેમ તે બુધ્ધિના બ્રહ્મચારીને જીવવાનો હક છે તેમ એ અબોલ જીવોને પણ જીવવાનો હક છે તેટલી સંવેદના એના સુકકાભઠ્ઠ હ્દયમાં નથી, એને આસપાસની જગ્યા બાળીને ‘ચોખ્ખી’ કરવામાં જ રસ હોય છે. પ્રકૃત્તિનું નખ્ખોદ વાળવાનો, ગ્લોબલ વોર્મિંગ વધારવાનો ઈજારો કઈ ધુમાડા ઓકતી ચિમનીઓનો જ નથી. આપણા ઘરની આસપાસ રહેતા આવા દહનશૂરાઓ પણ એટલાં જ જવાબદાર છે.

ચકચક કરતી ચિડિયા માટે ઉપર જણાવ્યા કારણોની માથે સૌથી મોટો ભય ‘Unleaded Petrol’નો છે. કેમ કે તેના પ્રદૂષણે ચકલીના હોર્મોન્સની જૈવરાસાયણિક પ્રક્રિયાને કદાચ રૂંધી નાખી છે, આ પેટ્રોલ સીસારહિત છે એટલા પૂરતું સારૂં પણ તેમાં Methyl tertiary butyl ether (મિથાઈલ ટેટરી બ્યુટાઈલ ઈથર) ભેળવેલું હોય છે, જેનું કારમાં કે બાઈકમાં પેટ્રોલ સાથે દહન થતું નથી. ૧૯૯૦ પછી આવું પેટ્રોલ વ્યાપક રીતે વપરાય છે અને ચકલીનો વસ્તીઆંક પણ એ જ અરસામાં ઘટવો શરૂ થયો છે. દિલ્હીએ ચકલીનું મહત્વ પિછાણીને દિલ્હી રાજયના રાજયપક્ષી (State Bird) તરીકે તેને ગૌરવ બક્ષ્યું છે. (ગુજરાતનું રાજય પક્ષી સુરખાબ છે, જે જાણ ખાતર... !) પરંતુ ચકલીને બચાવવા માટે તેનું ગૌરવ આપવાની સાથે સાથે તેના આહાર, આશ્રય બાબતે પણ ચિંતા કરવી પડશે. ગુજરાતના વિવિધ ભાગોમાં તેના માટે સ્વયંસેવી સંસ્થાઓએ પ્રયત્નો કર્યા છે તે આવકારદાયક છે. આજના ‘વિશ્વ ચકલી દિન’ નિમિત્તે ચકલીઓને, પક્ષી સૃષ્ટિને બચાવવાનો સંકલ્પ લઈએ.

**- યતીન કંસારા**

## વાચકોને આમંત્રણ

**‘સંવેદના’ વિભાગમાં સ્વાનુભવો લખવા**

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર ‘ગાંધીનગર સમાચાર’ ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવશે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું રહેશે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવશે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

માર્ચ માસનો વિષય છે :

**‘મારા પપ્પા એટલે મારા પપ્પા’**

વાચક ઈચ્છે તો પોતાનો અને પોતાના પિતાનો ફોટો લખાણ સાથે મોકલાવી શકે છે